# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલીસબ્રીજ, અમદાવાદ – ૩૮૦૦૦૬

ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩, ૨૬૫૭૮૧૬૧, ૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯

**Web : www.incgujarat.com** **E-mail : gpcc1234@gmail.com**

અખબારી યાદી તા. ૨૧/૦૪/૨૦૨૬

- સમગ્ર વિપક્ષ મહિલા અનામત માટે તૈયાર છે ૨૦૨૩માં સર્વસંમતિથી પસાર થયેલ બિલ તાત્કાલિક અસરથી અમલ કરવામ આવે: શ્રીમતી રજની પાટીલ
- વિપક્ષની એકતાએ સંઘીય માળખામાં ફેરફાર કરવાના સરકારના કાવતરાને નિષ્ફળ બનાવ્યો
- ભાજપ સરકાર દ્વારા રચવામાં આવેલા કાવતરા પાછળનો એકમાત્ર ઉદ્દેશ્ય સત્તા એકીકૃત કરવાનો હતો. ભાજપ સીમાંકન પ્રક્રિયા દ્વારા રાજકીય લાભ લેવા માંગે છે

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત વિશેષ પત્રકાર પરિષદને સંબોધન કરતા સીડબલ્યુસી સભ્ય અને પૂર્વ સાંસદશ્રીમતિ રજની પાટીલએ જણાવ્યું હતું કે લોકસભામાં બંધારણીય સુધારા બિલની હારથી મોદી સરકારના સીમાંકન અંગેના કાવતરાને નિષ્ફળ બનાવવામાં આવ્યો છે, જે લોકશાહી અને બંધારણનો વિજય છે. વિપક્ષની એકતાએ સંઘીય માળખામાં ફેરફાર કરવાના સરકારના કાવતરાને નિષ્ફળ બનાવ્યો છે. દેશની આઝાદીથી આજદિન સુધી કોંગ્રેસ પક્ષએ મહિલાઓનું આરક્ષણ અને સમાન મતાધિકાર આપ્યો છે. વર્ષ ૧૯૩૧માં મોતીલાલ નેહરુજી દ્વારા પ્રસ્તાવિત આ ઠરાવ કોંગ્રેસ વર્કિંગ કમિટીમાં પસાર કરવામાં આવ્યો હતો. અવિભાજિત ભારતના કરાચીમાં યોજાયેલા અધિવેશનમાં મહિલાઓના મતાધિકારના મુદ્દાને મંજૂરી આપવામાં આવી હતી. અમેરિકા જેવી લોકશાહીમાં પણ મહિલાઓને મતાધિકાર મેળવવા માટે ૧૫૦ વર્ષ સુધી સંઘર્ષ કરવો પડ્યો હતો, જ્યારે ભારતમાં સરદાર પટેલ, મહાત્મા ગાંધીજી અને જવાહરલાલ નેહરુજીના નેતૃત્વમાં મતનો અધિકાર પ્રથમ દિવસથી જ પ્રાપ્ત થયો હતો, જેનો શ્રેય કોંગ્રેસ પાર્ટીને જાય છે. ૭૩માં અને ૭૪માં બંધારણીય સુધારા દ્વારા પૂર્વ વડાપ્રધાનશ્રી રાજીવ ગાંધીની દીર્ઘદ્રષ્ટીથી પંચાયતો અને નગરપાલિકાઓમાં ૩૩% અનામત અંગે ઠરાવ પસાર થયો અને ૧૯૯૩માં પંચાયતી રાજમાં મહિલા આરક્ષણ કાયદો અમલમાં આવ્યો હતો.

સમગ્ર વિપક્ષ મહિલા અનામતને ટેકો આપવા તૈયાર છે. તેવી સ્પષ્ટ વાત કરતા પૂર્વ સાંસદ શ્રીમતી રજની પાટીલએ જણાવ્યું હતું કે જો મોદી સરકાર ખરેખર પોતાના ઈરાદામાં નિષ્ઠાવાન હોય, તો ૨૦૨૩માં સર્વાનુમતે પસાર થયેલ બિલનો તાત્કાલિક અમલ થવો જોઈએ. મહિલાઓ પ્રત્યે ભાજપનો ટ્રેક રેકોર્ડ દેશ સમક્ષ સ્પષ્ટ છે. દેશની મહિલાઓએ ઉન્નાવ અને હાથરસમાં બનેલી ઘટનાઓ, મહિલા ઓલિમ્પિયન ખેલાડીઓ સંબંધિત મુદ્દાઓ અને મણિપુરમાં બનેલી ઘટનાઓ જોઈ છે. ભાજપા સરકારે ક્યારેય મહિલાઓના કલ્યાણને ખરેખર પ્રાથમિકતા આપી નથી. દેશમાં પંચાયતોમાં ચૂંટાયેલા ૪૦ લાખ પ્રતિનિધિઓમાંથી અંદાજે ૧૫ લાખ (લગભગ ૪૫ %) મહિલાઓ છે, જે કોંગ્રેસ પક્ષની મોટી દેન છે. મહિલા આરક્ષણ બિલ શ્રી સોનિયા ગાંધીની પહેલથી કોંગ્રસની યુપીએ સરકાર દરમિયાન રાજ્યસભામાં મહિલા આરક્ષણ બિલ પસાર થયું હતું, પરંતુ લોકસભામાં સર્વસંમતિના અભાવે તે અટકી ગયું હતું. લોકસભામાં વિપક્ષનાં નેતા અને જનનાયકશ્રી રાહુલ ગાંધીએ પણ વર્ષ ૨૦૧૮ માં પત્ર લખીને વડાપ્રધાન મોદીને આ બિલ વર્ષ ૨૦૧૯ સુધીમાં લાગુ કરવા વિનંતી કરી હતી. શ્રી

રાહુલ ગાંધીએ વારંવાર જાતિ જનગણના કરવાની માંગ કરી રહ્યા છે જેથી દરેક જ્ઞાતિને તેમની વસ્તીના પ્રમાણમાં હિસ્સેદારી મળે, પરંતુ સરકાર આ બાબતે મૌન છે. જ્યારે ૨૦૨૩માં 'નારી શક્તિ વંદન અધિનિયમ' લાવવામાં આવ્યો, ત્યારે અમે સંસદમાં તેનું સમર્થન કર્યું હતું કારણ કે અમને આશા હતી કે મહિલાઓને વહેલી તકે તેમનો અધિકાર મળશે.પરંતુ સરકારે તેમાં શરતો મૂકી છે કે આ આરક્ષણ ૨૦૨૯ થી લાગુ થશે અને તે પણ વસ્તી ગણતરી અને સીમાંકન પ્રક્રિયા પૂર્ણ થયા પછી જ અમલમાં આવશે. વડાપ્રધાન મોદી પોતાના ભાષણોમાં અનેકવાર કોંગ્રેસની ટીકા કરી છે પરંતુ મહિલાઓ પર થતા અત્યાચારો જેમ કે ઉન્નાવ, હાથરસ, મણિપુરની ઘટનાઓ વિશે મૌન સેવ્યું છે. એનસીઆરબીના ડેટા મુજબ ગુજરાત અને મહારાષ્ટ્ર જેવા રાજ્યોમાં મહિલાઓ વિરુદ્ધના ગુનાઓ ચિંતાજનક છે. જો સરકારની દાનત સાફ હોય તો સીમાંકન અને વસ્તી ગણતરીની રાહ જોયા વગર મહિલા આરક્ષણનો તાત્કાલિક અમલ કરવો જોઈએ.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે તેમના ભાષણોમાં દાવો કર્યો હતો કે ‘જો વિપક્ષ આ મુદ્દા પર સહમત નહીં થાય, તો તેઓ ન તો ચૂંટણી જીતી શકશે અને ન તો ક્યારેય સત્તામાં પાછા આવી શકશે’. આ જ ટિપ્પણીઓથી ભાજપ સરકારના સાચા ઇરાદા સ્પષ્ટ થઈ ગયા છે. સરકારે મહિલા અનામતના નામે ૨૦૧૧ ની વસ્તી ગણતરીના આધારે સીમાંકન કવાયત હાથ ધરવાનો પ્રયાસ કર્યો હતો. સરકારે ચાલુ વિધાનસભા ચૂંટણીઓ વચ્ચે અચાનક સંસદનું ખાસ સત્ર બોલાવ્યું અને છેલ્લી ઘડીએ ડ્રાફ્ટ બિલ રજૂ કર્યું, જેનાથી વિપક્ષને ચર્ચા માટે પૂરતો સમય મળ્યો નહીં. ભાજપ સરકારનો ઈરાદો હતો કે વિપક્ષ મહિલા અનામત બિલ પસાર કરે જેની આડમાં ભાજપ જાતિ આધારિત ડેટાનો સમાવેશ કર્યા વિના મનસ્વી રીતે સીમાંકન કરવાની તક મળે. ભાજપ સરકાર દ્વારા રચવામાં આવેલા કાવતરા પાછળનો એકમાત્ર ઉદ્દેશ્ય સત્તા એકીકૃત કરવાનો હતો. ભાજપ સીમાંકન પ્રક્રિયા દ્વારા રાજકીય લાભ લેવા માંગે છે.

કોંગ્રેસ પક્ષ સહિતના વિપક્ષ લોકસભામાં હાલની ૫૪૩ બેઠકોમાંથી ૩૩ ટકા મહિલાઓ માટે અનામત ફાળવવાને સમર્થન આપવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. કોંગ્રેસ પક્ષ વારંવાર પુનરાવર્તન કરીએ કહે છે કે જેમ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે અનામત છે, તેવી જ રીતે ઓબીસી મહિલાઓ માટે તેમની વસ્તીના પ્રમાણમાં અનામત હોવું જોઈએ. જ્યારે વિપક્ષ એક થાય છે ત્યારે મોદી સરકારને કેવી રીતે હરાવી શકાય છે. સરકારને પહેલી વાર મોટો ઝટકો લાગ્યો છે જેના કારણે તે આને "કાળો દિવસ" કહી રહી છે પરંતુ વાસ્તવમાં આ લોકશાહી માટે એક સુવર્ણ દિવસ છે. જનતાએ આ ભાજપ સરકારમાંથી પોતાનો વિશ્વાસ ગુમાવી દીધો છે.

આજની પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસનાં પ્રમુખશ્રીમતિ ગીતાબેન પટેલ, અમદાવાદ શહેર કોંગ્રેસનાં પ્રમુખશ્રી સોનલબેન પટેલ, પ્રદેશ મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ.મનીષ દોશી, કો-કન્વીનર અને પ્રવક્તાશ્રી હેમાંગ રાવલ, પ્રવક્તાશ્રી ડૉ.હિરેન બેન્કર ઉપસ્થિત રહ્યા છે.

મહિલા અનામત બીલની સચ્ચાઈ રજુ કરતી પ્રેસવાર્તા રાજકોટ ખાતે અખિલ ભારતીય કોંગ્રેસના મંત્રી અને સંગઠન સહપ્રભારી સુભાષિની યાદવ, સુરત ખાતે કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય પ્રવક્તા ડૉ.ચૈનીકા ઉનીયાલએ સંબોધન કરી હતી.


ડૉ. હિરેન બેન્કર

પ્રવક્તા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

9723550355